RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આરપાર

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ માગસર સુદ - ૨  શનિવાર, તા.૨૨-૧૧-૨૦૨૫  અંક : ૨૨ વર્ષ : ૨૩  news@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# દિલ્હીમાં હથિયાર સપ્લાયનું આંતરરાષ્ટ્રીય રેકેટ ઝડપાયું

## તસ્કર ગેંગના ચાર સાગરીતો હથિયારોના મોટા જથ્થા સાથે ઝડપાયા : પાકિસ્તાનથી ડ્રોન મારફતે મોકલવામાં આવેલા અત્યાધુનિક હથિયારોની સપ્લાય ભારતના કુખ્યાત ગેંગસ્ટરો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા

નવી દિલ્હી

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે આંતરરાષ્ટ્રીય હથિયાર તસ્કરીના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ ગેંગ સાથે જોડાયેલા ચાર આરોપીઓની ધરપકડ કરી છે, જેઓ પાકિસ્તાનથી ડ્રોન મારફતે મોકલવામાં આવેલા અત્યાધુનિક હથિયારોની સપ્લાય ભારતના કુખ્યાત ગેંગસ્ટરો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા.ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે કેટલાક તસ્કરો રાજધાની દિલ્હીમાં હથિયારોની મોટી ખેપ પહોંચાડવા માટે આવવાના છે. આ ઈનપુટના આધારે, પોલીસે દિલ્હીના રોહિણી વિસ્તારમાં

ટ્રેપ ગોઠવી હતી અને ચારેય આરોપીઓને હથિયારોના મોટા જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓ પંજાબ અને ઉત્તર પ્રદેશના રહેવાસી છે.પોલીસના જણાવ્યા અનુસાર, હથિયારોની આ ખેપ પાકિસ્તાનથી ડ્રોન દ્વારા પંજાબના રસ્તે ભારત પહોંચાડવામાં આવી હતી. ત્યાંથી, આ તસ્કરો તેને દિલ્હી લાવ્યા હતા, જયાંથી તે લોરેન્સ બિશ્નોઈ, બંબીહા, ગોગી અને હિમાંશુ ભાઉ જેવી કુખ્યાત ગેંગને સપ્લાય થવાની હતી. જપ્ત કરાયેલા હથિયારોમાં તુર્કી અને ચીનમાં બનેલા હાઈ-ટેક અને અત્યાધુનિક વેપન્સનો સમાવેશ થાય છે. પોલીસે આ સમગ્ર નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે અને આ રેકેટના અન્ય સભ્યોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ટ્રમ્પનો શાંતિ માટેનો પ્રસ્તાવ બંને દેશ વચ્ચે સમાધાન માટે આધાર બની શકે : પુતિન

## ઝેલેન્સ્કીના ઈનકાર અને ટ્રમ્પની ધમકી વચ્ચે શાંતિ સમજૂતી અંગે રશિયાના રાષ્ટ્રપતિએ આપી પ્રતિક્રિયા

મોસ્કો

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને જાહેરાત કરી કે, યુક્રેનમાં શાંતિ સ્થાપવા માટે અમેરિકા તરફથી મોસ્કોને પ્રસ્તાવો મળ્યા છે. આ યોજના સંઘર્ષના શાંતિપૂર્ણ સમાધાનનો આધાર બની શકે છે. પુતિને ટીવી પર પ્રસારિત પોતાના સંબોધનમાં વરિષ્ઠ અધિકારીઓને જણાવ્યું કે, 'અંતિમ શાંતિપૂર્ણ સમજૂતી માટે આ પ્રસ્તાવનો ઉપયોગ આધાર તરીકે થઈ શકે છે, એવું મારું માનવું છે.'

જોકે, પુતિને સ્પષ્ટ કર્યું કે, રશિયન અધિકારીઓએ હજી સુધી આ યોજના પર વિગતવાર ચર્ચા પૂર્ણ કરી નથી. તેમના મતે, યુક્રેન આ શાંતિ પ્રસ્તાવનો વિરોધ કરી રહ્યું છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે કીવ અથવા યુરોપીય દેશોમાંથી કોઈ પણ એ સત્યને સ્વીકારવા તૈયાર નથી કે રશિયન સેના યુક્રેનમાં સતત પ્રગતિ કરી રહી છે. પુતિનના કહેવા મુજબ, જો શાંતિ સ્થાપિત નહીં થાય, તો આ સૈન્ય આગળ વધતું રહેશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે, 'યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ રશિયાના આક્રમણને અટકાવવા માટે અમેરિકા-સમર્થિત શાંતિ યોજના (પીસ પ્લાન)ને અપનાવવી પડશે અને આખરે તેને મંજૂરી પણ આપવી પડશે.

# બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓને ઢાકાના રસ્તાઓ પર ઉતરવાની ફરજ પડાઈ?

## કટ્ટરપંથીઓ સતત લઘુમતી હિન્દુઓ પર હુમલો કરી હિન્દુ મંદિરોને નુકસાન પહોંચાડી રહ્યા છે અને હિન્દુ ધર્મના ધાર્મિક વિધિઓ પર સવાલ ઉઠાવી રહ્યા છે

નવીદિલ્હી,

ઢાકાઃ બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર થતા અત્યાચારો અટકવાના કોઈ સંકેત દેખાતા નથી. એવું લાગે છે કે મોહમ્મદ યુનુસની સરકાર ફક્ત નામ પૂરતી જ અસ્તિત્વમાં છે, પરંતુ વાસ્તવમાં, બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓ સત્તામાં છે. આ કટ્ટરપંથીઓ સતત લઘુમતી હિન્દુઓ પર હુમલો કરી રહ્યા છે. તેઓ હિન્દુ મંદિરોને નુકસાન પહોંચાડી રહ્યા છે અને હિન્દુ ધર્મના ધાર્મિક વિધિઓ પર સવાલ ઉઠાવી રહ્યા છે. આનાથી ગુસ્સે થઈને, હિન્દુ સમુદાયના સભ્યો બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં રસ્તા પર ઉતરી આવ્યા, કટ્ટરપંથીઓ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો એક ખાનગી ટીવી એ હિન્દુ વિરોધીઓ સાથે એક વિશિષ્ટ ઇન્ટરવ્યૂ લીધો.

ઢાકામાં હિન્દુ વિરોધ પ્રદર્શનમાં હાજરી આપનાર એક મહિલાએ એક વિશિષ્ટ ઇન્ટરવ્યૂમાં કહ્યું, "બાંગ્લાદેશમાં આપણી વસ્તી ઓછી હોવાથી આપણે હિન્દુઓ પર અત્યાચાર ગુજારવામાં આવી રહ્યા છીએ. કટ્ટરપંથીઓ આપણા ધર્મનું અપમાન કરે છે. તેઓ આપણા મંદિરો પર હુમલો કરે છે. તેઓ ત્યાં અટકતા નથી; તેઓ આપણી મૂર્તિ પૂજાનો પણ વિરોધ કરે છે. જ્યારે આપણે પૂજા કરીએ છીએ, ત્યારે તેઓ તેને શેતાનની પૂજા કહે છે. આપણે આપણા ધર્મનો અનાદર સહન કરીશું નહીં." "આજે આપણે આનો વિરોધ કરવા ઢાકાની શેરીઓમાં ઉતરી આવ્યા છીએ.

મહિલા વિરોધકર્તાએ એમ પણ કહ્યું કે શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડ્યા પછી હિન્દુ લઘુમતીઓ પર હુમલાઓ વધ્યા છે. હિન્દુ સમુદાયના સભ્યોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. મંદિરો તોડી પાડવામાં આવી રહ્યા છે. તેમના ઘરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

# ચાલકને હૃદયરોગનો હુમલો આવતા બેકાબૂ બનેલી કારની ટક્કરથી ચાર લોકોના મોત

## થાણે જિલ્લાના અંબરનાથ શહેરની કરૂણ ઘટનામાં ત્રણ વ્યક્તિને ગંભીર ઈજા

મુંબઈ

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના અંબરનાથ શહેરમાં ગત સાંજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. શહેરના ફ્લાયઓવર પર એક કાર ચાલકને અચાનક હૃદયરોગનો હુમલો આવતા, કાર બેકાબૂ થઈ ગઈ હતી અને સામેથી આવતા અનેક વાહનો સાથે અથડાઈને પલટી મારી ગઈ હતી. આ ભીષણ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે અને અન્ય ત્રણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમા ફ્લાયઓવર પર એક ઝડપી કાર ચારથી પાંચ વાહનો સાથે અથડાઈ, જેમાં સામેથી આવી રહેલા બે ટુ-વ્હીલરનો પણ સમાવેશ થાય છે, અને કાર પલટી ગઈ. વીડિયોમાં દેખાય છે કે કાર બાઈક સાથે અથડાઈ રહી છે, જેના કારણે એક બાઈક સવાર હવામાં ઘણાં ફૂટ ઉછળીને ફ્લાયઓવરની બીજી બાજુ પડ્યો હતો.આ અકસ્માતમાં કાર ચાલક સહિત ચાર લોકોના મોત થયા હતા. અન્ય ત્રણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેમની હાલત પણ ગંભીર હોવાનું જાણવા મળે છે.

# ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે સંકળાયેલી ભારતીય કંપનીઓ પર વેપાર પ્રતિબંધ મુક્યા



નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ વોર સતત વકરી રહ્યું છે. જેમાં ભારતની અમેરિકા વિરુદ્ધ કડક નીતિથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આક્રોશમાં છે. ત્યારે તેમણે રશિયાની ક્રુડ ઓઈલ કંપનીઓ પર પ્રતિબંધ મુક્યા બાદ હવે ઈરાન સાથે સંકળાયેલી ભારતીય કંપનીઓ પર વેપાર પ્રતિબંધ મુક્યા છે.આ અંગે ટ્રમ્પ વહીવટીતંત્રએ ઈરાનને પેટ્રોલિયમ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના વેચાણમાં સામેલ ભારતીય સંસ્થાઓ અને વ્યક્તિઓ પર પ્રતિબંધો મુક્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે જણાવ્યું હતું કે આ વેપારમાંથી મળેલી રકમનો ઉપયોગ ઈરાન પ્રાદેશિક આતંકવાદી જૂથોને ટેકો આપવા અને શસ્ત્ર પ્રણાલીઓ ખરીદવા માટે થાય છે.

જે અમેરિકા માટે સીધો ખતરો છે.યુએસ વિદેશ અને નાણા મંત્રાલયોએ ગેરકાયદે ક્રુડ વેચાણ દ્વારા ઈરાની શાસનની ઘાતક પ્રવૃત્તિઓને નાણાં પૂરા પાડતા શિપિંગ નેટવર્ક્સ તેમજ ઈરાન સમર્થિત આતંકવાદી સંગઠનોને શસ્ત્રો અને પુરવઠો મોકલતી એરલાઈન્સ અને તેમની સંકળાયેલી કંપનીઓ પર પ્રતિબંધો મુક્યા છે.

અમેરિકાએ પ્રતિબંધોની યાદીમાં સામેલ ભારતીય નાગરિકો અને કંપનીઓમાં ઝાહિર હુસૈન ઈકબાલ હુસૈન સૈયદ, ઝુલ્ફીકાર હુસૈન રિઝવી સૈયદ, મહારાષ્ટ્ર સ્થિત આરએન શિપ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ અને પુણે સ્થિત્ ઈદ્ર પેટ્રો ઈન્ડિયા એલએલપીનો સમાવેશ થાય છે.

અમેરિકાના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તે ભારત, પનામા અને સેશેલ્સ સહિત અનેક દેશોમાં સ્થિત કુલ ૧૭ સંસ્થાઓ, વ્યક્તિઓ અને જહાજોને નિયુક્ત કરી રહ્યું છે. જે ઈરાનને પેટ્રોલિયમ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના વેચાણમાં સામેલ છે.

# તાઈવાન વિવાદ મામલે જાપાનને અમેરિકાએ આપ્યું ખુલ્લું સમર્થન

## ચીને જાપાન પર સમગ્ર ક્ષેત્રની શાંતિ અને સ્થિરતાને જોખમમાં મૂકવાનો આરોપ લગાવ્યો

વોશિંગ્ટન

અમેરિકા અને ચીન વચ્ચેના પ્રાદેશિક તણાવમાં વધુ એક ગરમાવો આવ્યો છે. તાઈવાન મુદ્દે જાપાન દ્વારા ખુલ્લું વલણ અપનાવવામાં આવતાં ચીને આક્રમક પ્રતિક્રિયા આપી છે, જેના જવાબમાં અમેરિકાએ પોતાના મુખ્ય સાથી દેશ જાપાનને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે. આ ઘટનાક્રમ એશિયા-પ્રશાંત મહાસાગર ક્ષેત્રમાં શક્તિ-સંતુલન અને સુરક્ષા ગતિવિધિઓને એક નાજુક વળાંક પર લાવી દીધો છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે જાપાનની સુરક્ષા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા અચળ છે.

વાસ્તવમાં વિવાદની શરૂઆત જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઈચીના નિવેદનથી થઈ. તેમણે ૭ નવેમ્બરે સંસદમાં કહ્યું હતું કે જો ચીન

તાઈવાન પર હુમલો કરે છે, તો તે જાપાન માટે "જીવનને જોખમરૂપ સ્થિતિ" બની શકે છે. આ સંજોગોમાં, જાપાન સામૂહિક આત્મરક્ષા હેઠળ પ્રતિક્રિયા આપી શકે છે. ચીને આ નિવેદનનો સખત વિરોધ કર્યો અને જાપાન પર સમગ્ર ક્ષેત્રની શાંતિ અને સ્થિરતાને જોખમમાં મૂકવાનો આરોપ લગાવ્યો. ચીનની આ ઉગ્ર પ્રતિક્રિયા પછી, અમેરિકાએ જાપાનને પોતાનું સમર્થન આપ્યું.જાપાનના વિદેશ મંત્રી અને અમેરિકાના રાજદૂત જ્યોર્જ ગ્લાસ વચ્ચેની બેઠકમાં અમેરિકાએ ચીનની પ્રતિક્રિયાને "ઉશ્કેરણીજનક અને પ્રાદેશિક સ્થિરતા વિરુદ્ધ" ગણાવી. ગ્લાસે કહ્યું કે ચીને જાપાની સી-ફૂડ પર પ્રતિબંધ મૂક્યો છે અને પોતાના નાગરિકોને જાપાન ન જવાની સલાહ આપી છે, જે "ચીની આર્થિક દબાણ"નું વધુ એક ઉદાહરણ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અમેરિકાની જાપાન સાથેની સૈન્ય ભાગીદારી એકદમ "અચળ" છે. વધુમાં, જાપાનની સુરક્ષા – જેમાં વિવાદાસ્પદ સેનકાકુ દ્વીપ (જેને ચીન દિયાઓયુ કહે છે) પણ સામેલ છે – તે અમેરિકાની મુખ્ય પ્રાથમિકતા છે.

# મમદાની અને ટ્રમ્પની વ્હાઈટ હાઉસમાં મુલાકાતમાં અનેક મુદ્દાઓ ઉપર થઈ સહમતિ

## અમેરિકન પ્રમુખના સૂર બદલાયા ન્યૂયોર્ક માટે તમામ સહયોગની આપી ખાતરી

વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના સૌથી મોટા ટીકાકારોમાંના એક, ન્યૂયોર્કના નવા ચુંટાયેલા મેયર ઝોહરાન મમદાની વચ્ચે શુક્રવારે વ્હાઈટ હાઉસમાં થયેલી મુલાકાત અપેક્ષાઓથી તદ્દન વિપરીત અને અત્યંત સકારાત્મક રહી. જે ટ્રમ્પે અગાઉ મમદાનીને જાહેરમાં 'વામપંથી પાગલ' જેવા ઉપનામો આપ્યા હતા, તેમણે જ ઓવલ ઓફિસમાં મમદાનીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને અનેક મુદ્દાઓ પર સહમતિ પણ દર્શાવી.બીજી તરફ, મમદાનીએ પણ બેઠક બાદ સકારાત્મક પ્રતિક્રિયા આપતા કહ્યું, "હું રાષ્ટ્રપતિની એ વાત માટે પ્રશંસા કરું છું કે અમારી મીટિંગમાં મતભેદો પર નહીં, પરંતુ ન્યૂયોર્કના લોકોના જીવનને કેવી રીતે બહેતર બનાવી શકાય તેના પર ચર્ચા થઈ." આ મુલાકાત દરમિયાન સૌથી આશ્ચર્યજનક દ્રશ્ય ત્યારે જોવા મળ્યું જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પ પોતે જ મમદાનીનો પત્રકારો સામે બચાવ કરતા જોવા મળ્યા.

અગાઉ મમદાનીના ચૂંટાવા પર ન્યૂયોર્કનું ફંડિંગ રોકી દેવાની ધમકી આપનાર ડોનાલ્ડ ટ્રમ્પે હવે કહ્યું છે કે તેઓ ન્યૂયોર્કને એક મજબૂત અને સુરક્ષિત શહેર બનાવવામાં નવા મેયરની સંપૂર્ણ મદદ કરશે. ટ્રમ્પે કહ્યું, "અમે મમદાનીની મદદ કરીશું, જેથી દરેકનું સ્વપ્ન સાકાર થઈ શકે, એક મજબૂત અને સુરક્ષિત ન્યૂયોર્કનું નિર્માણ થઈ શકે."

**પત્રકારે મમદાનીને પૂછ્યું, "શું તમે ટ્રમ્પને સરમુખત્યાર માનો છો?" ટ્રમ્પે કહ્યું, "હા કહી દો."**

**મેયર ઝોહરાન મમદાનીએ ઓવલ ઓફિસમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી. મેયરની ચૂંટણી પછી બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત હતી. આ મુલાકાત દરમિયાન એક રસપ્રદ ઘટના બની. રાષ્ટ્રપતિ ટ્રમ્પની સામે એક પત્રકારે મમદાનીને પૂછ્યું, "શું તમે ટ્રમ્પને સરમુખત્યાર માનો છો?" મમદાનીએ બોલવાનું શરૂ કરતાં જ ટ્રમ્પે તેમને અટકાવીને કહ્યું, "હા, સમજાવવાની કોઈ જરૂર નથી.**

# શિમલાની સંજૌલી મસ્જિદ તોડી પાડવા માટે હિન્દુ સંગઠનોએ એક અઠવાડિયાનો સમય આપ્યો

## ગેરકાયદેસર સંજૌલી મસ્જિદને તોડી પાડવાની માંગ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે

શિમલા,

સંજૌલી મસ્જિદ વિવાદમાં હિન્દુ સંગઠનો દ્વારા કરવામાં આવેલા આમરણાંત ઉપવાસ શુક્રવારે સમાપ્ત થયા. સરકાર તરફથી ખાતરી મળ્યા બાદ વિરોધ પ્રદર્શન પાછું ખેંચી લેવામાં આવ્યું. હિન્દુ રક્ષા મંચના પ્રમુખ કમલ ગૌતમે જણાવ્યું હતું કે આમરણાંત ઉપવાસ પાછું ખેંચી લેવામાં આવ્યું છે, પરંતુ રિલે ઉપવાસ ચાલુ રહેશે, અને કેસ સંબંધિત એફઆઈઆર પાછી ખેંચવાની વાત કરવામાં આવી છે. ગેરકાયદેસર સંજૌલી મસ્જિદને તોડી પાડવાની માંગ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે, સાથે જ વીજળી અને પાણી પુરવઠો કાપી નાખવાની અને તેને સીલ કરવાની માંગ પણ કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાના ઉપનગરીય વિસ્તાર સંજૌલીમાં એક મસ્જિદને લગતો વિવાદ ગયા શુક્રવારે ત્યારે વધુ વકર્યો જ્યારે પોલીસે નમાજ પઢવાથી રોકવા બદલ છ લોકો સામે કેસ દાખલ કર્યો.